ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૬/૨૩-૨૪/ 1371 તારીખ : 27 SEP 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ગોહિલ હેમંતસિંહ કનુભા,**
**મું.ટાણા,**
**તા.શિહોર,**
**જી.ભાવનગર-૩૬૪૨૬૦.**

કેસ નં.૩૬/૨૩-૨૪

**મો.નં- ૯૪૨૮૦ ૭૮૯૪૯**

**વિષય : વિજ જોડાણ ફરી ચાલુ કરી આપવા બાબત.**

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૨૪/૦૮/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૦૮/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૨૩-૨૪/૧૨૮૩ તા.૨૮/૦૮/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૨૩-૨૪/૧૩૧૪ તા.૦૮/૦૯/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૦/૦૯/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
**(૨) નાયબ ઈજનેરશ્રી,** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, શિહોર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૩૬/૨૩–૨૪</u>** ☜

વાદી :– શ્રી હેમંતસિંહ કનુભા ગોહિલ,

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજૂઆતની તારીખઃ– તા.૨૦/૦૯/૨૦૨૩</u>** ◈

**વાદી :– શ્રી હેમંતસિંહ કનુભા ગોહિલ (પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.જી.પંચાલ, કા.વા.કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી હેમંતસિંહ કનુભા ગોહિલ, મું.ટાણા, તા.શિહોર,જી. ભાવનગરની વિજ જોડાણ ફરી ચાલુ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૬/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૬/૨૩–૨૪/૧૨૮૩ તા.૨૮/૦૮/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૦/૦૯/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી હેમંતસિંહ કનુભા ગોહિલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.જી.પંચાલ, કા.વા.કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ગોહિલ હેમંતસિંહ કનુભા, રે.ગામ–ટાણા, તા. સિહોર, જી.ભાવનગર રહુ છું ને ટાણા ગામે શ્રી ફેઈઝ ઈલેકટ્રીક કનેકશન ધરાવુ છું. અમારી તબિયત બરાબર ન હોવાથી દવાખાના ખર્ચના હિસાબે વિજ વપરાશનું અનાજ દળવાની ઘંટી નું બિલ અમો ભરી શકેલ નહીં. તેથી તા.૦૩/૦૨/૨૦૨૩ ના રોજ આપશ્રીની કચેરી શિહોર દ્વારા વિજ જોડાણ બંધ કરવામાં આવેલ. તા.૧૩/૦૩/૨૦૨૩ ના રોજ અમોને નોટીસ આપવામાં આવેલ કે તા.૨૯/૦૮/૨૦૨૩ સુધીમાં લેણી નીકળતી રકમ ભરપાઈ કરવામાં નહીં આવે તો, કાયમી ડીશ કરવામાં આવશે.અમોએ તા. ૩૦/૦૬/૨૦૨૩ ના રોજ અરજી કરેલ. તેનો કોઈ જવાબ નથી. ત્રણ મહિનાથી અમો ધંધા રોજગાર વગરના છીએ અને શિહોર પીજીવીસીએલ માં ધકકા ખાઈએ છીએ. અમોએ આપે આપેલ નોટીસની તા.૨૯/૦૮/૨૦૨૩ ની સમયમર્યાદામાં વિજ વપરાશની બિલની રકમ ભરપાઈ કરી આપી છે. તો અમોને અમારૂં વિજ જોડાણ ફરી શરૂ કરી આપવા વિનંત

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક નં–૩૬૪૬૬/૦૦૬૮૮/૩ નામે ગોહિલ હેમંતસિંહ કનુભા વાણીજય હેતુ માટેનું વિજ જોડાણ ધરાવે છે.

૨.૨ મારા નવેમ્બર–ડિસેમ્બર – ૨૦૨૨ ના માસમાં કુલ બાકી રકમ રૂા. ૧૩૧૨૫/૯૨ હતી અને ત્યારબાદ, જાન્યુ–ફેબ્રુ–૨૦૨૨ માં નવું વિજ બિલ રકમ રૂા.૪૮૩૯/૦૯ આપવામાં આવેલ હતું.જેની સામે ગ્રાહક દ્વારા તા.૦૭/૦૩/૨૦૨૨ ના રોજ રકમ રૂા.૫૦૦૦/– રસીદ નં–૦૫૪૩૫૩ અને તા.૦૯/૦૩/૨૦૨૨ ના રોજ રકમ રૂા૫૦૦૦/– ભરપાઈ કરવામાં આવે છે. ત્યારબાદ, વિજ બિલની રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી.

૨.૩ તા.૦૩/૦૨/૨૦૨૩ ના રોજ કુલ વિજ બિલ પેટે બાકી રકમ રૂા.૨૭૫૦૫/૧૦ બાકી હોય જે બિલની રકમ ભરપાઈ કરવામાં ગ્રાહક કસુરવાર થયેલ. તેથી રૂરલ પેટા વિભાગીય કચેરી, શિહોર દ્વારા મીટર જમા લઈ કનેકશન રદ કરવામાં આવેલ છે.

૨.૪ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ ગ્રાહક દ્વારા વિજ બિલ પેટે રકમ રૂા.૨૫૦૦૦/– ભરપાઈ કરવામાં આવેલ છે અને તા.૨૪/૦૮/૨૦૨૩ થી વિજ કનેકશન ચાલુ કરવા માટે અરજી કરવામાં આવેલ છે.

આમ, કંપનીના નિયમાનુસાર કનેકશન કાયમી ધોરણે રદ કરવામાં આવેલ હોય જે કનેકશન ફરી ચાલુ કરવામાં આવેલ નથી.

<u>Prayer :</u>

સદર ઉપરોકત બાબતોને ઘ્યાને લેતા નિયમ મુજબ વિજ જોડાણ કાયમી ધોરણે કનેકશન ફરી ચાલુ કરવા અંગેની ગ્રાહકની રજૂઆત ગ્રાહય ન રાખવા અપીલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદીશ્રી ગોહિલ હેમંતસિંહ કનુભા, મુ.ટાણા, તા.શિહોર દ્વારા તેમના થી ફેઈઝ વિજ કનેકશનની રકમ ભરી આપવા છતાં, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા વિજ જોડાણ શરૂ ન કરી આપવામાં આવતા, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૦/૦૯/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં વાદી તથા પ્રતિવાદીએ હાજર રહી પોતાની રજૂઆતો કરેલ છે.

3.3 વાદી તેમજ પ્રતિવાદીની રજુઆતો, રજુ થયેલ દસ્તાવેજો ને જોતા ફોરમએ નીચેના અવલોકનોની નોંધ લીધી છે.

૧. વાદીના અનાજ દળવાની ઘંટીના વીજ કનેકશન ની બાકી રકમ રૂ. ૨૭,૫૦૫/૧૮ ભરપાઈ ન થતા પ્રતિવાદી ની કચેરી દ્વારા તા.૦૩.૦૨.૨૦૨૩ના રોજ મીટર જમા લઇ કનેક્શન રદ કરવામાં આવેલ છે. આમ, પ્રતિવાદી દ્વારા કનેક્શન ઉતરતા પહેલા કોઈ આખરી નોટીસ આપવામાં આવેલ ન હતી

૨. બાકી રકમની વસુલાત માટે પ્રતિવાદી દ્વારા તેમના તા. ૧૩.૦૩.૨૩ ના પત્ર થી વાદીને તા. ૨૯.૦૮.૨૩ સુધીમાં રકમ જમા કરવા આખરી નોટીસ આપેલ, જેની સામે વાદી દ્વારા તા. ૨૧.૦૮.૨૩ એટલે કે નિયત સમયમર્યાદામાં રકમ ભરપાઈ કરી આપેલ, પ્રતિવાદી એ આપેલ નોટીસમાં દર્શાવેલ ૬ માસનો સમયગાળો સુસંગત જણાતો નથી.

૩. વાદી દ્વારા રકમ ભરપાઈ કરી આપ્યા બાદ પણ પ્રતિવાદી દ્વારા કનેક્શન ફરી જોડી આપવામાં આવેલ નથી, કે યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ નથી અને વારંવાર ધક્કા ખવડાવવામાં આવેલ છે.

Grievance Redressal PGVCL Bhavnagar

3.૪ તારણ ન. 3.3 ને ધ્યાને લેતા ફોરમે પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કનેક્શન કાપવાની, નોટીસ આપવાની તેમજ નોટીસ આપ્યા બાદ, રકમ વસુલ્યા બાદ ની તમામ કાર્યવાહી કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર કરેલ નથી અને અક્ષમ્ય બેદરકારી દાખવેલ છે જેની ગંભીર નોંધ લીધી છે, આથી હુકમ કરવામાં આવેલ છે કે પ્રતિવાદીની કોઈ રકમ વાદી પાસે બાકી રહેતી ના હોઈ આ ચુકાદો મળે તેના ૧૫ દિવસ માં વીજ જોડાણ પુનઃ ચાલુ કરી આપવું તેમજ આ કામ ના બેદરકાર કર્મચારી/અધિકારી સામે ખાતાકીય કાર્યવાહી કરી ફોરમને જાણ કરવી.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ. મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(શ્રી જે.એ.ગોસાઈ)
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૨૦/૦૯/૨૦૨૩.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar